Extra No. 25

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII ] MONDAY, JANUARY 12, 2026 / PAUSHA 22, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વી/૨૦૨૪નો ૩૩૦/યુડીયુએચડી/એમએસએમ/ઇ-ફાઇલ/૧૮/૨૦૨૨/૪૮૦૭/એલ.-ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**Amendment to The Gujarat Regularisation of Unauthorised Development Rules, 2022**

**ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત નિયમો, ૨૦૨૨ સુધારવા સંબંધી**

**જાહેરનામું**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૪

**ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ, ૨૦૨૨.**

**ક્રમાંક: જીએચ/વી/૨૦૨૪નો ૩૩૦/યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૨/૪૮૦૭/એલ:** ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ, ૨૦૨૨ (સન ૨૦૨૩ના ગુજરાતના ૧લા) ની કલમ ૧૭થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત નિયમો, ૨૦૨૨ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો, ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત (પ્રથમ સુધારા) નિયમો, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં, તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત નિયમો, ૨૦૨૨ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૫ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:-

"૫ ક. અનધિકૃત વિકાસ કે જે કલમ ૮ હેઠળ નિયમિત કરી શકાય નહિ.-

રહેણાક ઉપયોગ સિવાય અન્ય ઉપયોગ માટે વપરાતો એફએસઆઇ (FSI) ૪.૫. થી વધુ હોય, ત્યારે મુકરર સત્તાધિકારીએ, વિકાસ યોજનામાં દર્શાવ્યા પ્રમાણે ગામતળ (જીએમ) અને કોર વોલ્ડ સિટી (સીડબલ્યુ) માં અનધિકૃત વિકાસ નિયમિત કરવો જોઇશે નહિ."

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૮ માં, પેટા-નિયમ (૨) ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:

"(૨) ખામીયુક્ત પાર્કિંગ માટે ઠરાવેલી ફી, ઠરાવેલી સમયમર્યાદામાં ચૂકવવામાં ન આવે, તો પાર્કિંગ નિયમોનો ભંગ કર્યો હોય તો અને તમામ અન્ય કિસ્સામાં, નાટક, સિનેમા, થિયેટર, મલ્ટીપ્લેક્સ, ઓડિટોરિયમ, પ્રદર્શન ખંડ, લગ્ન મંડપ, સ્કેટિંગ રીંગ, અખાડા, સ્ટેડિયમ (ક્રીડાંગણ), ડાન્સ હોલ, ક્લબ અને માર્ગ, હવાઇ અથવા દરિયાઇ માર્ગે દ્વારા જાહેર પરિવહન માટેના સ્ટેશનોની કામગીરી માટે ઉપયોગમાં લેવાતા મકાનોના સંબંધી અન્ય કોઇ બાબતના સંદર્ભમાં કોઇપણ અનધિકૃત વિકાસ નિયમિત કરવો જોઇશે નહિ."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**પ્રકાશ દત્તા,**

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ.

--------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.29 16:01:13 IST